આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-10-09-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# લખપતમાં આરોગ્ય વિભાગની કામગીરી

સરહદી લખપત તાલુકામાં શંકાસ્પદ તાવના કેસો સામે આવતાં આરોગ્ય વિભાગની ટીમ યુદ્ધનાં ધોરણે કામ કરી રહી છે. અત્યાર સુધી ૧૩ નાગરિકો મૃત્યુ પામ્યા છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, આરોગ્ય વિભાગની ૨૭ ટીમોએ યુદ્ધના ધોરણે ‘હાઉસ ટુ હાઉસ સર્વે’નું કામ કરી ૨૨૩૪ લોકોનું આરોગ્ય લક્ષી સ્ક્રીનીંગ કર્યું હતું. જેમાં ૪૮ જેટલા શંકાસ્પદ તાવના કેસ મળી આવ્યા છે. તાલુકામાં દરેક તાવના દર્દીઓનો મલેરિયા રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં બે દર્દીઓ ઝેરી મેલેરિયા પોઝિટિવ આવેલા છે અને એક દર્દી ડેન્ગ્યું પોઝિટિવ આવ્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, ‘હાઉસ ટુ હાઉસ’ કામગીરી દરમ્યાન ૧૯૫૫ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું છે. શંકાસ્પદ તાવના કેસોને ધ્યાનમાં રાખીને રાજ્ય કક્ષાની એપીડેમીક અને વેક્ટર બ્રોન વિભાગની ટીમ, મેડીકલ કોલેજ અદાણી અને પીડીયુ મેડિકલ કોલેજ રાજકોટની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મરણ પામેલ લોકોના ઘરોની અને આજુ બાજુના ઘરોની મુલાકાતમાં શંકાસ્પદ તાવના દર્દીઓના વધુ તપાસ માટે લોહીના અને ગળા/નાક ના સેમ્પલ લેવામાં આવ્યા હતા.

**અદાણી મેડીકલ કોલેજની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા સીઝનલ ફલુ, કોવીડ-૧૯ અને બ્લડ સીરમ સેમ્પલ લેવામાં આવ્યા છે. આ નમૂનાઓ વધુ તપાસ અર્થે મેડીકલ કોલેજ રાજકોટ અને ICMR પુણે ખાતે મોકલી આપવામાં આવ્યા છે.**

**અશરફ નથવાણી**

---

## કલેકટર દ્વારા લખપતની મુલાકાત

દરમિયાન જિલ્લા કલેક્ટર અમિત અરોરા લખપત તાલુકામાં પરિસ્થિતિ જાણવા માટે દોડી ગયા હતા. તેમણે દયાપર તાલુકા પંચાયત ખાતે તમામ જવાબદાર તંત્રના અધિકારીઓ સાથે મીટીંગ યોજીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી તેમજ તાવ સહિતના કેસોમાં સ્થાનિકે તાત્કાલીક સારવાર મળી રહે તે માટેનું આયોજન ગોઠવાયુ છે તેમ જણાવ્યું હતું.

અબડાસા અને લખપત તાલુકામાં કોઈને તાવ હોય તો તાત્કાલિક સારવાર મળે તે માટે સરપંચ, તલાટી, આશાવર્કર, આંગણવાડી બહેનોને સૂચના અપાઈ છે સાથે લોકોને તાવ હોય તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનામાં સારવાર મેળવવા અપીલ કરાઈ છે.

**અશરફ નથવાણી**

---

## મતદાયયાદી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ

ચૂંટણીપંચના આદેશાઅનુસાર રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ અંતર્ગત કચ્છમાં પણ મતદારયાદીને ક્ષતિરહિત અને અદ્યતન બનાવવા માટેની મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. 1 જાન્યુઆરી-202પની સ્થિતિએ 18 વર્ષ પૂર્ણ થતા હોય તેવા યુવા મતદારોનાં નામ મતદારયાદીમાં સમાવિષ્ટ કરવા માટે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં બૂથ લેવલ ઓફિસર ઘરોઘર

BNUBHUJ

જઈ સરવે કરવાના છે. નવાં નામ નોંધણી, નામ કમી કરવા, સ્થળાંતરીત મતદારોને અલગ તારવવા સહિતની બાબતોને પણ આવરી લેવામાં આવી છે.

અશરફ નથવાણી

---------------------------------------------------------------------------

## માંડવી તાલુકામાં સેવા સેતુ કાર્યક્રમ

**માંડવી તાલુકામાં 3 સ્થળોએ ગ્રામ્ય વિસ્તારનો સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.**

**આગામી તારીખ 17 મી સપ્ટેમ્બરે મોટા લાયજા ખાતે, 26 મીએ ગઢશીશા ખાતે અને 9 મી ઓક્ટોબરે બિદડા ખાતે વિવિધ ગામો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. જેમાં લોકોને આધારકાર્ડ, રાશનકાર્ડને લગતા કામો, સમાજ સુરક્ષાને લગતી યોજના, દિવ્યાંગતા પ્રમાણપત્ર, કસ્તુરબા પોષણ યોજના, પી.એમ.જે.વાય., ઘરેલુ નવા વીજ જોડાણ, આવકનો દાખલો, વરિઠ નાગરીકતા પ્રમાણપત્ર, જન્મ-મરણના પ્રમાણપત્રો, લગ્ન નોંધણી પ્રમાણપત્રો, કુંવરબાઇનું મામેરૂ સહાય યોજના, સહિતની વિવિધ સેવાઓ સ્થાનિકે લોકોને પૂરી પાડવામાં આવશે.**

**આ ગ્રામ્ય વિસ્તારના સેવાસેતુ કાર્યક્રમને લઇને વિવિધ ગ્રામસેવકોને તેમના સેજા સહિત 92 જેટલા ગામોની જવાબદારી સોંપાઇ છે.**

અશરફ નથવાણી

---------------------------------------------------------------------------

## આત્મહત્યા નિવારણ દિવસ

**આજે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસની ઉજવણી કરાશે.કચ્છ આત્મહત્યા નિવારણ ફોરમ અને જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા આ નિમિત્તે ભુજ, માંડવી, અંજાર, ગાંધીધામ, મુન્દ્રા, નલિયા અને નખત્રાણા ખાતે વિવિધ શાળાઓ દ્વારા જનજાગૃતિ રેલી કાઢવામાં આવશે. અને સમાજમાં આત્મહત્યા અટકાવી**

PNU BHUJ

**શકાય એ માટેનો સંદેશો વહેતો કરવામાં આવશે તેમ ઓમ ફાઉન્ડેશનના ડૉ. દેવજ્યોતિ શર્માએ આ આકાશવાણીને જણાવ્યું છે.**

**આ ઉપરાંત, જાણીતા લેખક સુનીલ માંકડ લિખિત પુસ્તક "એક પગલું જીવન તરફ" નું વિમોચન આજે સાંજે સાંસદ વિનોદ ચાવડાની ઉપસ્થિતિમાં જીલ્લા મથક ભુજના વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય ખાતે કરાશે.**

**અશરફ નથવાણી**

---

# પ્રધાનમંત્રી મન કી બાત કાર્યક્રમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 29મી તારીખે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સમક્ષ તેમનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 114મી કડી હશે. લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત 1922 પર મિસ્ડ કોલ કરવાથી એસએમએસ પર મળેલી લિન્ક ઓપન કરીને પણ પ્રધાનમંત્રીને પોતાનાં સૂચનો રજૂ કરી શકાશે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી ઓપન ફોરમ પર પણ ઓનલાઇન રજૂઆત કરી શકાશે. 27 સપ્ટેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

# ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા

રાજ્યમાં 14થી 35 વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક – યુવતીઓ માટે આગામી જાન્યુઆરી મહિનામાં ગિરનાર- જૂનાગઢ ખાતે 'રાજ્યકક્ષા ગિરનાર આરોહણ – અવરોહણ સ્પર્ધા' યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર રહેશે.

રસ ધરાવતા ઉમેદવારોએ પોતાના જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી અરજીપત્ર મેળવી વિગતો ભરીને આધાર-પુરાવા સાથે જૂનાગઢના જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીને મોકલવાની રહેશે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ